**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Volume - 5, Issue - 2, FEB - 2022 Publication Date: 28/02/2022

DOIs:10.2018/SS/202202015 --:-- Research Article

# ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વ્યવસાયિક અભિરુચિનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

**જેતલ સી. મકવાણા**
રીસર્ચ સ્કોલર, શિક્ષણશાસ્ત્ર ભવન, એમ.કે.ભાવનગર યુનિવર્સીટી, ભાવનગર
Email - Jetalmakwana222@gmail.com

**સારાંશ :** પ્રસ્તુત અભ્યાસનો હેતુ શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વ્યવસાયિક અભિરુચિ જાણવાનો હતો.આ અભ્યાસમાં 120 ગુજરાતી માધ્યમની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની નમૂના તરીકે પસંદ કરવામાં આવી હતી. પ્રસ્તુત અભ્યાસમાં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસમાં ઉપકરણ તરીકે ડૉ.અશ્વિન જનસારી રચિત વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતીના પૃથ્થકરણ માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલા સરેરાશ પ્રાંમાકો વચ્ચે તફાવતની સાર્થકતા તપાસવા માટે 't' ગુણોતરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. માહિતીના વિશ્લેષણ માટે SPSS પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો :** ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સિદ્ધિ, વ્યવસાયિક અભિરુચિ.

## 1. પ્રસ્તાવના :

21 સદીએ વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે.માનવીએ વિજ્ઞાન અને ટેકનોલોજીના અને ઓધોગિક ક્ષેત્રમાં ઝડપથી વિકાસ કાર્યો છે.શિક્ષણ માનવ સમાજની પ્રાચીન ઘટના છે.પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સમયગાળા દરમિયાન વ્યક્તિત્વ અને ચારિત્ર્ય ઘડતર થાય છે.જેમાં અભિરુચિ અને અભીયોગ્યતા મહત્વનો ભાગ ભજવે છે.અધ્યન અને અધ્યાપનમાં રસનું સ્થાન મહત્વનું છે.અભિરુચિ અને ધ્યાન વચ્ચે ગાઢ સંબંધ છે.જે બાબતમાં આપણી રુચિ હોય તે બાબત તરફ આપણું ધ્યાન ઝડપથી જાય છે. મેકડૂગલ અનુસાર રુચિ ગુપ્ત ધ્યાન છે અને ધ્યાન સક્રિય રુચિ.બાળકોને શૈક્ષણિક અને વ્યવસાયિક માર્ગદર્શન આપવા માટે તેઓને શું ગમે છે અને શું નથી ગમતું જાણવું જરૂરી છે.

વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવો હોય તો તેની રસ,રુચિ વલણ અને અભીયોગ્યતા તેમજ સર્જનશીલતાને યોગ્ય દિશામાં વાળવી જોઈએ.અભ્યાસકાળ દરમિયાન વિદ્યાર્થીઓ બધા વિષયોનો અભ્યાસ કરતો હોય છે.પરંતુ બધા વિષયોમાં રસ –રુચિ ધરાવે છે કે તેના મા યોગયતા હોય તેવું શક્ય નથી.વિદ્યાર્થીઓનાં રસ –રુચિ પર ઘણા પરિબળો અસર કરતાં હોય છે.જેમાં ખાસ કરીને વાતાવરણ, વિસ્તાર,જાતિ,માતા –પિતાનો વ્યવસાય, વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધી અસર કરે છે.આ બધા પરિબળો વિદ્યાર્થીઓનો પર કેવી અને કેટલા પ્રમાણમાં અસર કરે છે, ક્યાં ક્ષેત્રમાં રસ ધરાવે છે તે અનુસાર તેને પ્રેરણા અને માર્ગદર્શન મળી રહે તે જરૂરી છે.

## 2. સમસ્યા કથન "

ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વ્યવસાયિક અભિરુચિનો શૈક્ષણિક સિદ્ધિના સંદર્ભમાં અભ્યાસ

### અભ્યાસમાં સમાવિષ્ટ ચલ :



**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241
Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 5.146
Volume - 5, Issue - 2, FEB - 2022 Publication Date: 28/02/2022







3. **હેતુઓ :**

1. ઉચ્ચ શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા અને નિમ્ન શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વ્યવસાયિક અભિરુચિ જાણવી.
2. ઉચ્ચ શૈક્ષણિક સિધ્ધિ ધરાવતાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની વ્યવસાયિક અભિરુચિ જાણવી.
3. ઉચ્ચ શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની વ્યવસાયિક અભિરુચિ જાણવી.

**4. ઉત્કલ્પનાઓ :**

1. ઉચ્ચ શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા અને નિમ્ન શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકા પરના સરેરાંશ પ્રાંપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
2. ઉચ્ચ શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓની વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકા પરના સરેરાંશ પ્રાંપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.
3. નિમ્ન શૈક્ષણિક સિધ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓની વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકા પરના સરેરાંશ પ્રાંપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

**5. અભ્યાસની મર્યાદાઓ :**

પ્રસ્તુત અભ્યાસ ભાવનગરની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ 11 અને ધોરણ 12ના બાળકો પુરતો જ માર્યાદિત કરવામાં આવ્યો હતો.

પ્રસ્તુત અભ્યાસ શૈક્ષણિક વર્ષ 2021 -2022ના ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ધોરણ 11 અને ધોરણ 12ના બાળકો પુરતો જ માર્યાદિત કરવામાં આવ્યો હતો.

## વ્યાપવિશ્વ અને નમૂનાની પસંદગી

### વ્યાપવિશ્વ

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ ભાવનગરની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વર્ષ 2021 -2022ના ધોરણ 11 અને ધોરણ 12ના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### નમૂનાનું કદ

પ્રસ્તુત અભ્યાસમાં નમૂના તરીકે ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વર્ષ 2021 - 2022ના ધોરણ 11ના 60 અને ધોરણ 12ના 60 એમ કુલ 120 વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

### નમૂના પસંદગીની રીત

પ્રસ્તુત અભ્યાસમાં સાનુકૂળ નમૂનાના પધ્ધતિથી અને ગુજરાતી ઉચ્ચતર માધ્યમિક શાળાનાવિદ્યાર્થીઓની પસંદગી ઝૂમખાં પધ્ધતિથી કરવામાં આવી હતી.

### નમૂનામાં વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવતી સારણી

| ધોરણ | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|
| ધોરણ – 11 | 30 | 30 | 60 |
| ધોરણ – 12 | 30 | 30 | 60 |
| કુલ | 60 | 60 | 120 |

## 6. અભ્યાસની પધ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક સિધ્દ્ધિના સંદર્ભમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધાર્થીઓની વ્યવસાયિક અભિરુચિ જાણવાનો હોવાથી સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 6.1 ઉપકરણ

પ્રસ્તુતમાં અભ્યાસમાં ઉપકણ તરીકે ડૉ.અશ્વિન જનસારી રચિત વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. ડૉ.અશ્વિન જનસારી રચિત વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકામાં હોન્લેડમાં રસ વિષયક વસ્તુના ષટકોણ અભિગમ પર વિકસિત કરવામાં આવી છે.તેમાં અભિરુચિના 6 ક્ષેત્રો આપેલા છે 1.વાસ્તવિક 2. અન્વેષણાત્મક 3.કલાત્મક 4.સામાજિક 5.સાહસિક 6.રૂઢિગત આ છ અભિરુચિના ક્ષેત્રોના આધારે 150 વ્યવસાયિક વિષયક યાદી આપવામાં આવી છે.

- આ વ્યવસાયિક અભિરુચિ સંશોધાનીકાની વિશ્વસનીયતા કસોટી પુનઃ કસોટી 0.63 છે અને અર્ધ વિભાજન 0.72 છે. આ વ્યવસાયિક અભિરુચિ સંશોધાનીકાની યથાર્થતા અમીનની વ્યવસાયિક અભિરુચિ સંશોધાનીકાની સાથે 0.72 જેટલો સહસંબંધ ધરાવે છે.
- આ વ્યવસાયિક અભિરુચિ સંશોધાનીકામાં 5 વિકલ્પો આપવામાં આવ્યાં હતાં.ખુબ જ ગમે છે,ગમે છે,તટસ્થ,નથી ગમતું, બિલકુલ નથી ગમતું .મળેલા પ્રતિસાદને આધારે ખુબ જ ગમે છે માટે -4,ગમે છે માટે - 3,તટસ્થ માટે -2,નથી ગમતું માટે -1 અને બિલકુલ નથી ગમતું માટે -0 ગુણ આપવામાં આવ્યા હતાં. આ વ્યવસાયિક અભિરુચિ સંશોધાનીકામાં અભિરુચિના 6 ક્ષેત્રો આપેલા છે 1.વાસ્તવિક 2. અન્વેષણાત્મક 3.કલાત્મક 4.સામાજિક 5.સાહસિક 6.રૂઢિગત જે ક્ષેત્રનો સરવાળો સૌથી વધુ તે ક્ષેત્રમાં સૌથી વધુ રસ અને જે ક્ષેત્રમાં સૌથી ઓછો તો તે ક્ષેત્રમાં સૌથી ઓછો રસ તેમ કહી શકાય.

### 6.2 માહિતી પૃથક્કરણ

પ્રસ્તુત અભ્યાસ પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ માટે અંકશાસ્ત્રીય આંકડાકીય પ્રયુક્તિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. SPSS પ્રોગામનો ઉપયોગ કરીને પ્રમાણવિચલન, સરસરી પ્રાપ્તાંક અને 't' ગુણોતરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**ઉત્કલ્પના** 1. ઉચ્ચ શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા અને નિમ્ન શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધાર્થીઓની વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકા પરના સરેરાંશ પ્રાંપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

| ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધાર્થીઓ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી – ગુણોતર |
|---|---|---|---|---|
| ઉચ્ચ શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા વિધાર્થીઓ | 60 | 372.9 | 52.47 | .707 |
| નિમ્ન શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા વિધાર્થીઓ | 60 | 361.1 | 43.47 | |

સારણી 1.1નું અવલોકન કરતા જણાય છે કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા વિધાર્થીઓની સંખ્યા અનુક્રમે 60 અને 60 છે.જયારે સરાસરી અનુક્રમે 372.9 અને 361.1 છે. જયારે પ્રમાણવિચલન 52.47 અને 43.47 છે. જયારે ટી – ગુણોતરનું મૂલ્ય .707 છે. જે 0.05 કક્ષાએ સાર્થક તફાવત દર્શાવતું ન હતું. તેથી અહી રચવામાં આવેલી ઉત્કલ્પનાનો સ્વીકાર થયો હતો.એટલેકે ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધાર્થીઓની વ્યવસાયિક અભિરુચિમાં ઉચ્ચ અને નિમ્ન શૈક્ષણિક સિધ્દ્ધિ વચ્ચે તફાવત જોવા મળ્યો ન હતો. એટલે કે ઉચ્ચ શૈક્ષણિક સિધ્દ્ધિ અને નિમ્ન શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા વિધાર્થીઓ સમાન વ્યવસાયિક અભિરુચિ ધરાવતા હતાં.

**ઉત્કલ્પના** 2. ઉચ્ચ શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓની વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકા પરના સરેરાંશ પ્રાંપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

| ઉચ્ચ શૈક્ષણિક સિધ્દ્ધિ ધરાવતા વિધાર્થીઓ | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી – ગુણોતર |
|---|---|---|---|---|
| કુમાર | 30 | 409.8 | 25.16 | 13.4 |
| કન્યા | 3૦ | 327.1 | 22.56 | |

*0.05 કક્ષાએ સાર્થક

સારણી 2.1નું અવલોકન કરતા જણાય છે કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૩૦ અને ૩૦છે. જયારે સરાસરી અનુક્રમે 409.8 અને 327.1 છે. જયારે પ્રમાણવિચલન 25.16 અને 22.56 છે. જયારે ટી – ગુણોતરનું મૂલ્ય .13.4 છે. જે 0.05 કક્ષાએ સાર્થક તફાવત દર્શાવે છે. તેથી અહી રચવામાં આવેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો. ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની વ્યવસાયિક અભિરુચિમાં 1.વાસ્તવિક 2. અન્વેષણાત્મક 3.કલાત્મક 4.સામાજિક 5.સાહસિક 6.રૂઢિગત અભિરુચિના આ છ ક્ષેત્રમાં તફાવત જોવા મળ્યો હતો.

**ઉત્કલ્પના** 3. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને કુમારો અને કન્યાઓની વ્યવસાયિક અભિરુચિ સંશોધનીકા પરના સરેરાંશ પ્રાંપ્તાકો વચ્ચે સાર્થક તફાવત નહિ હોય.

| **નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ** | **સંખ્યા** | **સરાસરી** | **પ્રમાણવિચલન** | **ટી – ગુણોતર** |
|---|---|---|---|---|
| કુમાર | 30 | 439.87 | 22.90 | 10.6 |
| કન્યા | ૩૦ | 323.53 | 35.77 | |

*0.05 કક્ષાએ સાર્થક

સારણી 3.1નું અવલોકન કરતા જણાય છે કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૩૦ અને ૩૦છે.જયારે સરાસરી અનુક્રમે 438.87અને 323.53 છે. જયારે પ્રમાણવિચલન 22.90 અને 35.77 છે. જયારે ટી – ગુણોતરનું મૂલ્ય 10.6 છે. જે 0.05 કક્ષાએ સાર્થક તફાવત દર્શાવે છે. તેથી અહી રચવામાં આવેલી ઉત્કલ્પનાનો અસ્વીકાર થયો હતો. ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની વ્યવસાયિક અભિરુચિમાં 1.વાસ્તવિક 2. અન્વેષણાત્મક 3.કલાત્મક 4.સામાજિક 5.સાહસિક 6.રૂઢિગત અભિરુચિના આ છ ક્ષેત્રમાં તફાવત જોવા મળ્યો હતો.

## 7. અભ્યાસના તારણો

1. ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓની વ્યવસાયિક અભિરુચિ સમાન છે .
2. ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિ ધરાવતાવ વિદ્યાર્થીઓ(કુમાર અને કન્યાઓ) ની વ્યવસાયિક અભિરુચિમાં તફાવત છે. અભિરુચિના 1.વાસ્તવિક 2. અન્વેષણાત્મક 3.કલાત્મક 4.સામાજિક 5.સાહસિક 6.રૂઢિગત આ છ ક્ષેત્રમાં તફાવત જોવા મળ્યો હતો
3. ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતા વિદ્યાર્થીઓ(કુમાર અને કન્યાઓ)નીવ્યવસાયિક અભિરુચિમાં તફાવત છે. અભિરુચિના 1.વાસ્તવિક 2. અન્વેષણાત્મક 3.કલાત્મક 4.સામાજિક 5.સાહસિક 6.રૂઢિગત આ છ ક્ષેત્રમાં તફાવત જોવા મળ્યો હતો.

## સંદર્ભસૂચી :

1. અમીના એસ.વી (1934)ગુજરાત રાજ્યના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓ માટે વ્યવસાયિક અભિરુચિ સંશોધાનીકાની રચના અને પ્રમાણિકરણ.અમદાવાદ : અપ્રકાશિત પીએચ.ડી. મહાશોધનિબંધ, શિક્ષણશાસ્ત્ર ભવન, ગુજરાત યુનિવર્સીટી
2. ઉચટ ડી.એ.(2009)શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર. રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી.
3. દેસાઈ.એચ.જી. અને દેસાઈ કે.જી.(1994 ) મનોવૈજ્ઞાનિક માપન (તૃતીય આવૃત્તિ )અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણબોર્ડ. ગુજરાત રાજ્ય.
4. વાઢેર,એ.(2015)સ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓની અભિરૂચિનો અભ્યાસ.ભાવનગર : અપ્રકાશિત એમ.એડ.શોધનિબંધ, શિક્ષણશાસ્ત્ર ભવન,એમ.કે.ભાવનગર યુનિવર્સીટી.
5. Sodhganga.inflibnet.oc.in